# Foreign Secretary’s Visit to Maldives (November 9-10, 2020)

November 06, 2020

## વિદેશ સચિવની માલદિવની મુલાકાત (નવેમ્બર 9-10, 2020)

નવેમ્બર 06, 2020

વિદેશ સચિવ શ્રી હર્ષ વર્ધન શ્રૃંગલા 09-10 નવેમ્બર 2020 નાં રોજ માલદિવની અધિકૃત મુલાકાત પર લેશે. આ મુલાકાત કોવિડ-19 મહામારી દ્વારા ઉદ્‌ભવેલા વિક્ષેપ બાદ બન્ને પક્ષો વચ્ચે પ્રથમ ઉચ્ચ સ્તરીય રૂબરૂ સંવાદ હશે.

વિદેશ સચિવ દ્વારા રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ મોહમદ સોલિહ સાથે બેઠક કરવાનું અને વિદેશી બાબતો, સંરક્ષણ, નાણા, આર્થિક વિકાસ, આયોજન, ગૃહ, પ્રવાસન અને યુવા અને ખેલકૂદ મંત્રીઓ સાથે નોંધપાત્ર ચર્ચાઓ કરવાનું નિર્ધારિત કરેલું છે. વિદેશ સચિવ સ્પીકર મોહમદ નાશીદ સાથે પણ મુલાકાત કરશે અને અન્ય રાજકીય નેતાઓ સાથે બેઠક કરશે.

ભારતની ‘પાડોશીઓ પ્રથમ’ નીતિમાં માલદિવ વિશેષ સ્થાન ધરાવે છે. માલદિવ સાથેનો આ સમયની કસોટી પર પાર ઉતરેલો અને દિર્ઘકાલીન સંબંધ તાજેતરનાં મહિનાઓનાં વધારે મજબૂત અને ગહન બન્યો છે. ભારતે કોવિડ કટોકટીનો ઉકેલ મેળવવામાં સહાયતા કરવામાં માલદિવને પ્રતિભાવ પણ આપ્યો છે.

વિદેશ સચિવ આપણા દ્વિપક્ષીય જોડાણોની સમગ્ર બાબતો, ચાલું દ્વિપક્ષીય પરિયોજનાઓની પ્રગતિની સમીક્ષા કરશે અને કોવિડ-બાદની આર્થિક રીકવરી માટે માલદિવને ભારતની સતત સહાયતા સહિત પ્રવર્તમાન 0કોવિડ પરિસ્થિતિ પર ચર્ચાઓ યોજશે.

વિદેશ સચિવની મુલાકાત એ અગત્યતાની સાક્ષી છે કે ભારત માલદિવ સાથેનાં તેનાં સંબંધોમાં જોડાયેલો છે અને બન્ને દેશો વચ્ચે સહકાર માટે વધારે વેગ આપવાનું અપેક્ષિત છે.

**નવી દિલ્હી**
**નવેમ્બર 06, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.